# આકાશવાણી ભુજ

**સમાચાર વાચક: કલ્પના શાહ**

**કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ**

**તારીખ : ૦૩-૦૪-૨૦૨૪ બુધવાર                    સમય : સાંજે ૬:25 કલાકે**

---

## રાજ્યસભા સભ્ય શપથ:

**રાજયના  ગોવિંદભાઈ ધોળકિયા સહિતના દેશના વિવિધ રાજયોમાંથી નવા ચૂંટાયેલા 11 સભ્યોએ આજે રાજયસભાના સભ્ય તરીકે શપથ લીધા છે.  ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે  સંસદ ભવનમાં તેમને શપથ લેવડાવ્યા હતા. ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહ સહિત રાજ્યસભાના 56 સભ્યો આ અઠવાડિયે ઉપલા ગૃહમાંથી નિવૃત્ત થયા છે.**

**- (RNU અમદાવાદ)**

---

## લોકસભા ચૂંટણી-કચ્છ ચૂંટણી કામગીરી:

**કચ્છ વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે 12મી એપ્રિલે જાહેરનામું પ્રસિધ્ધ થવાની સાથે જ ઉમેદવારી ફોર્મ ભરાવવાનું ચાલુ થઇ જશે , જે 19મી સુધી ભરી શકાશે.  20 એપ્રિલે ફોર્મની ચકાસણી અને  22મી એપ્રિલે ફોર્મ પરત ખેંચી શકાશે. તા.  7મી મેના  1 પૂરક સહિત કચ્છના 1844 મતદાન મથકોએ મતદાન થવાનું છે અને  ચોથી જૂને પરિણામ જાહેર થશે. આ સમગ્ર ચૂંટણી કામગીરી સુપેરે પાર પાડવા માટે જિલ્લાનું વહીવટી તંત્ર તૈયારીઓમાં લાગી ગયું છે. કચ્છમાં મતદાન , મત ગણતરી સહિતની ચૂંટણી કામગીરી માટે  8 હજાર કર્મચારીઓની જરૂરિયાત રહેવાની છે , જેની સામે વધારાના  8 હજાર મળી કુલ  16 હજાર  632 કર્મચારીઓ તારવવામાં આવ્યા છે , જેઓને તાજેતરમાં જ વિધાનસભાવાર પ્રાથમિક તાલીમ આપવામાં આવી હતી. તંત્ર દ્વારા હવે ચૂંટણી ફરજ પરના કર્મચારી  ઓના આખરીકરણ માટેની ગતિવિધિ ચાલી રહી છે.**

**- (સ્થાનિક સમાચારપત્ર)**

---

## લોકસભા ચૂંટણી-સ્વીપ પ્રવૃતિઓ કચ્છ:

**લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૨૪ અંતર્ગત કચ્છ જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણીમાં જિલ્લાના વધુમાં વધુ મતદારો મતદાન કરે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર**

અમિત અરોરાના માર્ગદર્શન હેઠળ સ્વીપની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા મતદાર જાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે.

જિલ્લામાં સ્વીપ નોડલ અધિકારી દ્વારા ચિત્ર સ્પર્ધા , રેલી, સિગ્નેચર કેમ્પઇન , ચુનાવ પાઠશાલા જેવી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. જેમાં શાળાના તમામ બાળકો એસ.એમ.સી., એસ.એમ.ડી.સી.ના સભ્યો, સ્ટાફ તથા નાગરિકોના સહયોગથી રેલી દ્વારા મતદાન જાગૃતિ અભિયાનને સફળ બનાવવા માટેની કામગીરી કરવામાં આવી રહી છે.

વધુમાં વધુ મતદાન કરવા માટે જાગૃતિ અભિયાન કાર્યક્રમ માટે રાત્રી સભાઓ યોજવામાં આવે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ , યુવાનો અને ગ્રામજનો ડેમો જોઈ શકે માટે ચુનાવ પાઠશાળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

ગાંધીધામ, આદિપુર, માંડવી તથા નખત્રાણા તાલુકાની વિવિધ શાળામાં મતદાન જાગૃતિ અંગેની વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લઇને મતદાન કરવા નાગરિકોને જાગૃત કર્યા હતા.

- (માહિતી ખાતું)

---

## જીએસટી-કચ્છ:

સેન્ટ્રલ જીએસટી કચ્છ આયુક્તમાં ગત નાણાકીય વર્ષમાં 3 હજાર 82 કરોડની અત્યાર સુધી સર્વાધિક આવક થવા પામી હતી. ગત વર્ષે 2 હજાર 695 કરોડ થયા હતા , તેની સામે 387 કરોડ વધુ આવક નોંધાવીને કચ્છ આયુક્તએ નવું સીમાચીહ્ન બનાવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, સમગ્ર દેશમાં સેંટ્રલ જીએસટીનો વૃદ્ધી દર 11.7% છે, જેની સામે કચ્છ આયુક્તનો વૃદ્ધી દર 14.35% રહેવા પામ્યો હતો. કચ્છ આયુક્તના કમિશનર પી. આનંદકુમારે જણાવ્યું હતું કે, દેશભરના વૃદ્ધી દર કરતા કચ્છ આયુક્તનો વૃદ્ધી દર 2.5% વધુ રહ્યો હતો, જે નોંધપાત્ર વધારો છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## કોમન એડમીશન પોર્ટલ:

ધોરણ 12 પછીના સ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ માટે કોમન એડમિશન પોર્ટલ પર નોંધણી માટે 471 હેલ્પ સેન્ટરો જાહેર કરાયા છે.

ઉલ્લેખનીય છે કે, એડમિશન પોર્ટલ પર 471 કોલેજોમાં શરૂ કરાયેલા હેલ્પ સેન્ટરોની યાદી જાહેર કરાઈ છે. આ હેલ્પ સેન્ટરમાં વિદ્યાર્થી નોંધણી પણ કરાવી શકશે તથા ડોક્યુમેન્ટ વેરીફિકેશન પણ કરાવી શકશે. વિદ્યાર્થીને નોંધણી સંબંધી કોઈ પણ મુશ્કેલી હોય તો હેલ્પ

સેન્ટરમાં જઈ શકશે. જાહેર કરાયેલી યાદી મુજબ અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ 71 હેલ્પ સેન્ટરોની સુવિધા ઊભી કરાઈ છે.

- (RNU અમદાવાદ)

---

## હીટ વેવ-પીજીવીસીએલ ભુજ:

ભારતીય હવામાન વિભાગે એપ્રિલ થી જુન માસ દરમિયાન દેશના મોટા ભાગના વિસ્તારમાં તાપમાન સામાન્ય થી વધુ ગરમ રહેવાની સંભાવના વ્યક્ત કરી છે ત્યારે પીજીવીસીએલ વર્તુળ કચેરી ભુજના અધિક્ષક ઈજનેર જે.એમ કષ્ટા એ વીજ ગ્રાહકોને જણાવ્યું હતું કે, (બાઈટ પીજીવીસીએલ અધિક્ષક ઈજનેર જે.એમ કષ્ટા)

- (યાદી)

---

## આઇપીએલ:

આઈપીએલ ક્રિકેટમાં આજે વિશાખાપટ્ટનમમાં દિલ્હી કેપિટલ્સનો મુકાબલો કોલકાતા નાઈટ રાઈડર્સ સામે થશે. મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

- (RNU અમદાવાદ)

---